# 3 સવારે સળવળ

ગાઈએ ગીતિકા :

હાં રે અમે ગ્યાં'તાં
હો રંગના ઓવારે, કે તેજના ફુવારે;
અનંતના આરે, કે રંગ રંગ વાદળિયાં.
હાં રે અમે ઊડ્યાં;
હો મોરલાના ગાણે, કે વાયરાના વહાણે;
આશાના સુકાને, કે રંગ રંગ વાદળિયાં.
હાં રે અમે થંભ્યાં,
હો મહેલના મિનારે, કે પંખીના ઉતારે;
ડુંગરાની ધારે, કે રંગ રંગ વાદળિયાં.
હાં રે અમે પોઢ્યાં,
છલકતી છોળે, દરિયાને હિંડોળે;
ગગનને ગોખે, કે રંગ રંગ વાદળિયાં.
હાં રે અમે જાગ્યાં,
ગુલાલ ભરી ગાલે, ચંદન ધરી ભાલે;
રંગાયાં ગુલાલે, કે રંગ રંગ વાદળિયાં.
હાં રે અમે નાચ્યાં,
તારાના તરંગે, રઢિયાળા રંગે;
આનંદના અભંગે, કે રંગ રંગ વાદળિયાં.
હાં રે અમે આવ્યાં,
હો રંગ રંગ અંગે, અનંત રૂપ રંગે,
તમારે ઉછંગે, કે રંગ રંગ વાદળિયાં.

– સુન્દરમ્

- **કાળા અક્ષરોવાળી પંક્તિઓ છોકરીઓ અને રંગીન અક્ષરોવાળી પંક્તિઓ છોકરાઓ ગાય, એ રીતે આખી કવિતા ગાઈ સંભળાવો. તમને આવડતી બીજી રીતે પણ ગાઓ.**

**વર્ણન વાંચો અને ચિત્ર સાથે સરખામણી કરો. આ રીતે તમારા બે શિક્ષકોનું વર્ણન કરો.**



સરલાબહેન આધુનિક લાગે છે. તેમના વાળ ટૂંકા છે અને તેઓ તે ખુલ્લા રાખે છે. તેમણે જાંબલી કુરતી-બ્લુ પૅન્ટ પહેર્યાં છે. તેમના હાથમાં પર્સ નથી, ખભે લટકાવી શકાય તેવી નાનકડી થેલી છે. તેમની ઊંચાઈ લગભગ સાડા પાંચ ફૂટ હોવી જોઈએ.

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

| શિક્ષકનું નામ | શિક્ષકનું નામ |
|---|---|
| | |

સાંભળો અને વાંચી સંભળાવો.

## પીંછીએ પકડ્યો

24 જૂન શનિવારની વાત છે. હું વહેલી સવારથી જ રિવરફ્રન્ટ પર ટહેલતો હતો. સાડા આઠ સુધીમાં તો ભીડ થવા લાગી. થોડી જ વારમાં મારી સામેના કિનારે જાતભાતની હોડીઓ એકઠી થવા માંડી, ત્યાં જ સ્પીકર પરથી મીઠો અવાજ સંભળાયો.

''શુભ સવાર! 'હોડીહોડ'ની આ દ્વિતીય વાર્ષિક હરીફાઈમાં રિવરફ્રન્ટ પર તમારું સ્વાગત છે.''

મેં જોયું કે અનેક પ્રકારના તરાપા, હોડકાં, મછવા અગાઉથી જ પ્રસ્થાનપુલ પાસે હારબંધ ગોઠવાઈ ગયા હતા. સાબરમતીના બેઉ કાંઠા પરના રિવરફ્રન્ટ પર લોકોના 'બક અપ..બક અપ..'ના અવાજ આવતા હતા. મેં મારી ચિત્રપોથી કાઢી અને દૃશ્યનો એક ભાગ દોરવા માંડ્યો.

બરાબર તે જ વખતે બે મહિલાઓ આવી અને મારા અને હું ચીતરતો હતો તે દૃશ્યની વચ્ચે ઊભી રહી ગઈ. બેઉ મહિલા મૂંઝાયેલી લાગતી હતી. તેમાંની એક તો દુઃખી અને ગભરાયેલી જણાતી હતી. તેમની વાત મારા કાને પડી.

''મને બરાબર યાદ છે. મેં પાંચસોની આઠ નોટ સવારે જ મૂકી હતી.'' ગભરાયેલી સ્ત્રી બોલી.

''પાકીટ બરાબર જો.'' પહેલી સ્ત્રીએ કહ્યું.

''બીજું બધું એમનું એમ છે.'' મોટા પાકીટનો એક હાથો ડાબા હાથમાં ભરાવી રાખી જમણા હાથે પાકીટ ફંફોસતાં ફંફોસતાં બીજી બોલી, ''અરે ના... મારું ડેબિટ કાર્ડ પણ નથી!'' તેનો ચહેરો રડું રડું થઈ ગયો. ત્યારે જ મને થયું કે મારે આ વાતમાં પડવું જોઈએ.

મેં મારું કાર્ડ ધર્યું અને કહ્યું, ''સી.આઈ.ડી. વર્ષિલ નાગ્રેચા. તમારી સેવામાં, મેડમ.''

બીજી સ્ત્રીની આંખમાંથી આંસુ ટપકી પડ્યાં. ''કોઈ ગંભીર ઘટના બની છે?'' મેં પૂછ્યું.

પહેલી સ્ત્રીએ કહ્યું, ''મારી બહેનપણીના પાકીટમાંથી કોઈ રૂપિયા અને કાર્ડ તફડાવી ગયું છે.''

''અરે! ચિંતા ન કરો, મળી જશે. સૌથી પહેલાં તમે તમારી બૅંકના હેલ્પલાઈન નંબર પર ફોન કરી કાર્ડ બ્લોક કરાવી દો.'' મેં કહ્યું, ''તમને તમારો ખાતા નંબર અને બીજી વિગતો યાદ છેને?''

હકારમાં ડોકું હલાવી બીજી મહિલાએ બૅંકના હેલ્પલાઈન નંબર પર ફોન કરી તેમનું ડેબિટ કાર્ડ બંધ કરાવી દીધું.

તે પછી મેં તેમને કેટલાક પ્રશ્નો પૂછ્યા. તે બંનેના જવાબ પરથી મને આટલી ખબર પડી :

આ બહેનોનાં નામ સરિતાબહેન અને જાનકીબહેન છે. તેઓ આજે હોડીની હરીફાઈ જોવા મોરબીથી અહીં આવ્યાં હતાં. રિવરફ્રન્ટ પર



મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

ફરતાં ફરતાં સ્પર્ધા જોવા માટે યોગ્ય જગ્યા શોધતાં હતાં ને વચ્ચે વચ્ચે ફોટો પણ પાડતાં હતાં. તેવામાં એક પુરુષ પાછળથી આવ્યો અને જાનકીબહેનને અથડાયો. જાનકીબહેન ગબડી પડ્યાં. સરિતાબહેનની મદદથી જાનકીબહેન હજી ઊભાં થાય તેટલામાં તો પેલો પુરુષ જતો રહેલો.

મેં વધુ જાણકારી મેળવવા પૂછ્યું કે અથડાયો ત્યારે શું શું થયું હતું તે વિગતથી કહો.

''તે 'સોરી' એમ બબડેલો.'' જાનકીબહેને કહ્યું, ''એટલે મને ઘડીભર લાગ્યું કે તે ભૂલમાં અથડાયો છે પણ તેના ઢંગ પરથી તે ખરેખર દિલગીર હોય તેમ લાગતું નહોતું. તેણે પાછળ ફરીને અછડતી નજર ફેંકી હોય તેમ લાગ્યું, પણ ત્યારે હું કપડાં ખંખેરી ઊભી થઈ રહી હતી. પછી મને ખ્યાલ આવ્યો કે મારું પાકીટ ખુલ્લું હતું અને તેમાંથી કેટલીક વસ્તુઓ વેરાઈ ગયેલી. નીચે પડેલી વસ્તુઓ પાકીટમાં મૂકવા જતાં ખ્યાલ આવ્યો કે અંદરની ચેઈન પણ ખુલ્લી હતી. તે પાંચસોની આઠ નોટો સેરવી ગયેલો.''

''અને ડેબિટ કાર્ડ પણ, ખરુંને?'' મારા પ્રશ્નના જવાબમાં તેણે બે આંસુ ટપકાવ્યાં, એટલે મેં સરિતાબહેનને પૂછ્યું, ''તે 'સોરી'વાળા જેન્ટલમૅનનો દેખાવ કહી શકો?''

પરંતુ બેઉમાંથી એક પણ મહિલા તેના ચહેરાનું બરાબર વર્ણન કરી શકી નહીં. અસલમાં તેઓએ તેનો ચહેરો જોયો જ નહોતો. તેમણે 'સોરી'મૅનની પીઠ જોઈ હતી અને તે પાછળથી કેવો દેખાતો હતો તે બંનેને યાદ હતું. જાનકીબહેન આંસુ લૂછે એટલીવારમાં સરિતાબહેને વર્ણન ચાલુ કર્યું.

''તેણે ઊભી લીટીઓવાળું ગુલાબી શર્ટ પહેરેલું હતું અને તેના લાંબા વાળમાં મહેંદી લગાવી હોય એમ લાગતું હતું.''

પછી અચાનક કંઈક યાદ આવ્યું હોય તેમ બોલ્યાં, ''એક મિનિટ, મેં ચાલતાં ચાલતાં કેટલાક ફોટા લીધા છે, તેમાં જોઈએ.''

બંને બહેનપણીઓ મોબાઈલમાં ફોટો તપાસવા લાગી. જે ફોટોમાં તે પુરુષ અથડાઈ ગયેલો દેખાતો હતો તે ફોટો હાથ લાગ્યો. જોકે ફોટો પાડતી વખતે સરિતાબહેનનો હાથ સ્થિર નહીં હોય એટલે ફોટો ધૂંધળો હતો. પણ, બંનેએ ખાતરીપૂર્વક કહ્યું કે તે જ પાકીટમાર છે. તે પુરુષે ઊભી લીટીઓવાળું ગુલાબી શર્ટ પહેરેલું, આગળથી તેને ટાલ હતી અને તેના લાંબા વાળ મહેંદી લગાવેલા હોય તેવા હતા.

મેં તે ફોટો મારા મોબાઈલમાં લઈ લીધો. તેના પરથી ચિત્રપોથીમાં ફટાફટ એક મોટું રેખાચિત્ર બનાવી નાખ્યું, ચિત્રમાં તે પુરુષની પીઠ અને માથાનો ભાગ બરાબર ઊપસી આવેલો એ સ્પષ્ટ કળી શકાતું હતું. આમ તો આ પુરુષ સરળતાથી ઓળખી શકાય તેવો લાગતો હતો. મારો શનિવારી પાકીટમાર કંઈક આવો દેખાતો હતોઃ ઊભી લીટીવાળું ગુલાબી શર્ટ, મહેંદીથી રંગાયેલા લાંબા વાળ અને આગળથી ટાલ, તેને જૂની ફેશનની મોટી મૂછ પણ હશે એમ પણ લાગતું હતું. જો તે હજીય આ ભીડમાં પોતાની કલા અજમાવતો હોય તોપણ તેને શોધવો એ મુશ્કેલ નહોતું.

મેં સરિતાબહેન અને જાનકીબહેનને એક કલાક પછી મુખ્ય પ્રવેશદ્વાર પાસે મળવા કહ્યું. મને હતું કે ત્યાં સુધીમાં તો હું શકમંદને પારખી જ લઈશ.

(હવે શું થશે? ચર્ચા કરો. શિક્ષક તમારી ધારણાઓ બોર્ડ પર લખશે.)

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

એકાએક મોટો ધડાકો સંભળાયો. તે પિસ્તોલનો ધડાકો હતો. સ્પર્ધા શરૂ થઈ ગઈ હતી. લોકોના અને હોડી ચલાવનારાઓના અવાજથી વાતાવરણ ભરાઈ ગયું. ''જોર લગાકે...હજી જોરથી... શાબાશ...'' જેવા અવાજો અને ચીસો સંભળાતાં હતાં. લોકોનાં ટોળાં હોડીની સાથે કિનારા પર દોડાદોડ મચાવતાં હતાં.

અમે રિવરફ્રન્ટથી પશ્ચિમ ભાગે હતા. ત્યાં હકડેઠઠ જમા થયેલી ભીડ કોઈ જડબેસલાક દીવાલ જેવી હતી. મેં તે દીવાલને સમાંતર ચાલવું શરૂ કર્યું, લગભગ પંદર મિનિટ ચાલ્યા પછી ઊભી લીટીવાળું ગુલાબી શર્ટ મારી નજરે પડ્યું.

હું તરત જ લપાતો-છુપાતો તેની નજીક સરક્યો. મેં મારા ચિત્ર સાથે તે માણસની પીઠની સરખામણી કરી. મારા ચિત્ર સાથે તે એકદમ મળતી આવતી હતી. ''આ જ પેલો શકમંદ 'સૉરી'મૅન છે.'' હું મનોમન ખુશીથી બોલી પડ્યો. તે મારો વર્ષો પહેલાનો મિત્ર હોય તેમ તેની સાથે વાત શરૂ કરવાનો મેં પ્લાન કર્યો. તે માણસ સાથે વાત કરવા મેં તેના ખભા પર ટપલી મારી.

''હેલો! કૅપ્ટન કિશન!'' મેં ઉત્સાહથી કહ્યું. તે મારી તરફ ફર્યો. ''યાદ છે? આપણે કૉલેજના બીજા વર્ષમાં એક જ ક્લાસમાં હતા... ને તું કૉલેજની ક્રિકેટ ટીમનો કૅપ્ટન હતો.'' તે બોલ્યો, ''સૉરી'' ને વિચિત્ર રીતે મારી સામે જોયું. ''મિસ્ટર, મારું નામ વિજય ટંડેલ છે ને હું હોડી હંકારનારાનો કોચ છું.'' હવે મેં 'સૉરી' કહ્યું કેમ કે તેના મોઢા પર મૂછ ગાયબ હતી.

'શક્ય છે તેણે ખોટી મૂછ ચોટાડી હોય અને ગુનો આચર્યા પછી ખિસ્સામાં મૂકી દીધી હોય!' મને વિચાર આવ્યો. પણ મૂછ ચોટાડ્યા કે ઉખાડ્યાની કોઈ નિશાની તેના હોઠની ઉપરના ભાગે દેખાતી નહોતી. વળી વિજય પાકીટમારીના ઘટનાસ્થળે ન હોવાનો એક બીજો પુરાવો પણ હતો. મારી સાથે વાત કરતાં કરતાં તેણે હાથમાંની કોબીજનાં પાનમાં વીંટાળેલી નવા પ્રકારની દાબેલીનું બટકું ભર્યું. બાજરીના પાંઉમાં સેન્ડવીચનો મસાલો ભરેલી તે દાબેલી આ સ્પર્ધાની વિશેષતા હતી. વિજય થોડીવાર પહેલાં જ મુખ્ય પ્રવેશદ્વાર પાસેના સ્ટૉલ પરથી લાવ્યો હોવો જોઈએ, કેમ કે તેમાંથી હજી વરાળ નીકળતી હતી. મને ખ્યાલ આવવા માંડ્યો કે તેણે ગુનો આચર્યો નથી. ગુનો થયો ત્યારે તે ઘટના સ્થળથી ઘણો દૂર હતો.

(હવે શું થશે? ચર્ચા કરો. શિક્ષક તમારી ધારણાઓ બોર્ડ પર લખશે.)

''સૉરી વિજય, તમારી ટીમને ઑલ ધ બેસ્ટ!'' કહી હાથ મિલાવી એને છોડી હું આગળ વધ્યો.

પેલી મહિલાઓને શું જવાબ આપીશ તેવું વિચારતો હતો ત્યાં થોડેક આગળ જ મને ઊભી લીટીવાળું ગુલાબી શર્ટ પહેરેલો બીજો માણસ નજરે ચડ્યો. તે ભીડથી અલગ એકલો ઊભો હતો. તેનું મોં મારી તરફ હતું એટલે હું ઉતાવળે પગલે નીચી નજરે તેને વટાવી તેની પાછળ પહોંચી ગયો. તેના વાળ મહેંદી કરેલા અને લાંબા હતા. મને બીજો શકમંદ મળી ગયો.

આ પુરુષ એકદમ ટાપટીપવાળો હતો. તેના વાળ વ્યવસ્થિત ઓળેલા હતા. તેના બૂટ આજે કરેલી પૉલિશથી ચમકતાં હતાં. તેનાં કપડાં ઈસ્ત્રીટાઈટ હતાં. હું તેની નજીક ગયો તો તે ત્યાંથી સરકી જવા માંડ્યો.

મેં ફરીથી ''હેલો! કૅપ્ટન કિશન...'' કહી હાથ



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

લંબાવ્યો પણ તેણે સાંભળ્યું ન હોય તેમ તે ઝડપથી આડોઅવળો ચાલવા માંડ્યો. મેં તેનું કાંડું કચકચાવીને પકડ્યું. અને બીજે હાથે સટાક કરતું મારું આઈ-કાર્ડ કાઢી તેની આંખો સામે ધરી દીધું. ''જી વર્ષિલ નાગ્રેચા, સી.આઈ.ડી. ગુજરાત...'' પછી તે સરખો ઊભો રહ્યો ને નમ્રતાથી બોલ્યો, ''સર! બોલો, શી વાત છે?''

મેં તેનું પાકીટ જોવા માંગ્યું. તેનું નામ 'સોમુ સાંગી' હતું અને તેના પાકીટમાં પાંચસો રૂપિયાની કડકડતી આઠ નોટ પણ હતી.

એકદમ અપ-ટુ-ડેટ તૈયાર રહેતા માણસનું પાકીટ નવાઈ લાગે તેટલું અવ્યવસ્થિત હતું. પાકીટની એક બાજુએ દસ અને વીસની નોટો વ્યવસ્થિત ગોઠવેલી હતી. તે બધી નોટ પર ત્રણ સિંહની નિશાની એક જ બાજુએ હતી. જ્યારે પાંચસોની નોટો અસ્તવ્યસ્ત હતી અને તેમાં કેટલીક નોટો પર ગાંધીજીના ચહેરાની છાપ સીધી હતી, તો કેટલીક પર ઊંધી. બધું મળીને તેના પાકીટમાં ચાર હજાર સિત્તેર રૂપિયા હતા.

સોમુ સાંગી મારી આંખમાં આંખ મેળવીને વાત નહોતો કરતો. નીચું મોં કરીને ઊભો હતો. ''લુક એટ મી... મારી સામે જો...'' મેં આદેશ કર્યો. તેના ચહેરા પર પણ મૂછ નહોતી. હવે હું ખરેખર નિરાશ થઈ ગયો.

ઊભી લીટીવાળું ગુલાબી શર્ટ પહેરેલો, આગળથી ટાલવાળો અને મહેંદીના કારણે રંગીન વાળવાળો ત્રીજો પુરુષ મળવાની શક્યતા નહિવત્ હતી. 'હં... ભલે મૂછ નથી પણ તેના પાકીટમાં પાંચસોની નોટ તો છેને?' મનમાં આશા જાગી ઊઠી.

(હવે શું થશે? ચર્ચા કરો. શિક્ષક તમારી ધારણાઓ બોર્ડ પર લખશે.)

મેં સોમુ સાંગીની તલાશી લીધી. તેનાં ખિસ્સાં ફંફોસ્યાં, કદાચ તેના કોઈ ખિસ્સામાંથી નકલી મૂછ અને ડેબિટ કાર્ડ મળી આવે! પણ કમનસીબે તેના ખિસ્સામાંથી તો ચાવીઓના એક ઝૂમખા સિવાય કંઈ ન મળ્યું.

મને ખાતરી થઈ ગયેલી કે સોમુ જ પાકીટમાર છે. એક તો તેનો દેખાવ મારા સ્કૅચ સાથે મળતો આવતો હતો અને બીજું તેના પાકીટમાં પાંચસોની કડકડતી આઠ નોટ હતી. આ પુરાવા તો હતા પણ સાબિતીનું શું ?

મેં ફરી ચિત્રપોથી કાઢી અને સોમુને ઊંધા ફરવા કહ્યું. તે ખચકાટ સાથે ફર્યો. હું તેનું રેખાચિત્ર દોરવા જતો હતો ત્યાં મારી નજર રિવરફ્રન્ટના વિજયરેખાવાળા પુલ પર પડી.

લાલ હોડીવાળા નાવિકો હરીફાઈ જીતી ગયેલા, બીજા અને ત્રીજા નંબરના વિજેતા તેનાથી થોડે આઘે હતા. તેની પાછળ સામેની પાળે ઊભેલા લોકો દેખાતા હતા. તે બાજુના પ્રવેશદ્વાર નજીક ટિકિટબારી અને ખાણીપીણીના સ્ટૉલ હતા. બાકીની હોડીઓ સાબરમતીમાં આમતેમ ફરી રહેલી.

બરાબર ત્યારે જ મને એક વિચાર સ્ફૂર્યો. મેં ફટાફટ સોમુનું ચિત્ર ફરીથી દોર્યું. એક નાનકડા ચોરસમાં પહેલાં મેં તેની પીઠનું મોટું ચિત્ર બનાવ્યું. પછી મેં તેના લાંબા વાળ દોર્યા. પછી મેં નદીમાં તરતી હોડીના દૃશ્ય વડે ચિત્ર ભરી દીધું અને એને ધ્યાનથી જોયું. આ ચિત્રમાં દેખાતી પાણીમાં તરતી હોડીના સઢનો નીચેનો ભાગ અને મારા પહેલા ચિત્રમાં દેખાતી હોડીને જોઈને મેં સોમુની આંખમાં આંખ નાખી ભારપૂર્વક કહ્યું, ''સોમુ સાંગી! ત્યાં જ ઊભો રહે! એક મહિલાના પાકીટમાંથી ચાર હજાર





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

રૂપિયા અને એક ડેબિટ કાર્ડની ચોરી કરવા બદલ હું તારી ધરપકડ કરું છું.''

સોમુને રિવરફ્રન્ટ પોલીસસ્ટેશનમાં સોંપીને કલાક પછી હું રિવરફ્રન્ટના દરવાજે પહોંચ્યો. ત્યાં બંને મહિલાને મળીને હું જવા નીકળ્યો ત્યારે મેં સાંભળેલા છેલ્લા શબ્દો હતા : ''થૅન્ક્યૂ, સર!''

લાલ હોડીવાળા નાવિકો જેટલો જ હું ખુશ હતો તે દિવસે.





- **વાતચીત :**
  - આવી જાસૂસી વાર્તા, સિરિયલ કે ફિલ્મો જોવી આપણને કેમ ગમતી હોય છે?
  - તમને જાસૂસ થવું ગમે? શા માટે?
  - જાસૂસ થવા માટે આપણામાં કેવી કેવી આવડત હોવી જોઈએ?
  - જાસૂસ થવામાં કયાં કયાં જોખમ રહેલાં છે?
  - વર્ષિલની કઈ સ્ટાઇલ તમને ગમી?
  - વર્ષિલનો રૂઆબ બતાવતાં હોય તેવાં વાક્યો કયાં કયાં છે?
  - વર્ષિલ નાગ્રેચા હોશિયાર જાસૂસ લાગે છે? શાના પરથી ખબર પડી? મિત્રો સાથે ચર્ચા કરી મુદ્દા નક્કી કરો.

**વાર્તામાં આવતા જે અંગ્રેજી શબ્દોના અર્થ તમને આવડતા હોય તેના પર ◯ કરો.**

વિદ્યાર્થીને વાર્તામાં આવતા અંગ્રેજી શબ્દો શોધવા કહો. તેઓ વારાફરતી તે શબ્દો અને તેના અર્થ/તેના વિશે બધાને કહેશે. જે શબ્દો તેઓ સમજી ન શકે તે વિશે તેમને ઉદાહરણ આપી સમજાવો.

જેમ કે, ડેબિટ કાર્ડ જો તમારી પાસે હોય તો એ બતાવીને અથવા 'હવે, ખીસામાં પૈસાને બદલે કાર્ડ આવે છે જેના વડે આપણે જુદી જુદી જગ્યાએ પૈસાની ચુકવણી કરી શકીએ છીએ.' એમ કહીને.

**ઘાટો છાપેલો શબ્દ વાક્યમાં બરાબર વપરાયો હોય એમ લાગે તો ખરું કરો.**

1. બાપ રે! હું તો એમ એકલો ઘરે રહું જ નહિ. રાત્રે કોઈ બોલે ચાલે નહિ, કોઈ અવાજ નહિ. એવા **ઘોંઘાટ**માં મને તો બીક લાગે.
2. માછલી અને માણસ તરવાની **હોડ** કરે તો માછલી **જીતી** જ જાયને!



મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

3. મેળામાં પોતાના દાદા અને દાદીથી છૂટી પડી ગયેલી રશ્મિ **મૂંઝાઈ** ગઈ કે હવે શું કરવું.

4. મેં બગીચાના માળીને પૂછી આંબા પરથી ત્રણ કેરીઓ **તફડાવી** લીધી.

5. અલ્યા, **ઘડીભર** ઊભો રહે. મારો ભાઈ મુંબઈથી હમણાં જ નીકળી ગયો છે એ આવે એટલે શાળાએ જઈએ.

6. અરે! તમે તમારા ઘરમાં **મનોમન** જે બોલતા હતા એ છેક મારી દુકાને સંભળાતું હતું.

7. કુંજામાં **નહિવત્** પાણી હતું એટલે તરસ્યા કાગડાએ તેમાં કાંકરા નાખ્યા.

- ગીતિકા ગાઈ લઈએ? હાં રે અમે ગ્યાં'તાં...

## ચાલો, જાસૂસો! શબ્દ શોધો અને ખાલી જગ્યા પૂરો.

1. સસલા અને કાચબા વચ્ચેની ______ માં સસલું જીતી ગયું. (તમને 'હરીફાઈ' કે 'શરત' શબ્દ યાદ આવી ગયો હશે ખાલી જગ્યા પૂરવા માટે પણ ના, આ શબ્દ તમારે 36 પાન પરથી 7 નંબરની લીટીમાંથી શોધવાનો છે. ચાલો જોઈએ, કોણ શોધી કાઢે છે!)

2. કાગડાને ખબર પણ ન પડી અને શિયાળ તેની પૂરી ______ ગયું. (તમને યાદ આવ્યું હશે 'છીનવી ગયું/ઝૂંટવી ગયું/ચોરી ગયું. અરે! પણ ના, અહીંયાં શું આવશે તે તમારે 36 પાન પરથી 34 નંબરની લીટીમાંથી શોધીને લખવાનું છે.')

3. વાહ! ચૌધરીસાહેબ, હું તો એક કલાકથી ઝીણવટપૂર્વક જોતો હતો છતાં જોડણીની બધી ભૂલો શોધી ન શક્યો ને તમે આવીને પાંચ મિનિટ ______ નજર ફેરવી તોય 10 ભૂલો શોધી કાઢી! ('ઉપરછલ્લી' યાદ આવ્યું કે 'ઉપરઉપર'? પાન નંબર 37 ની 13 નંબરની લીટીમાંથી કયો શબ્દ બંધ બેસશે તે શોધો.)

4. ઉપરના ખિસ્સામાં મોબાઈલ મૂકવો એ તમારી જ ભૂલ છે. આટલી ભીડમાં મોબાઈલ કોણ ______ એ હવે કેવી રીતે શોધવું! (લઈ ગયું/ખબર ન પડે તેમ કાઢી ગયું - એવું તો તમને યાદ આવ્યું જ હશે પણ 37 પાન પરથી 19 નંબરની લીટીમાંથી શોધી જુઓ કે ખાલી જગ્યામાં શું આવશે!

5. અરે! અહીંયાં જ નહીં, અહીંથી દિલ્હી જાઉં તોય રેલવેના આ બે પાટા એકબીજાને ______ જ હોય. એ જો એકબીજાને ______ ન હોય તો તેના પર ટ્રેન દોડે જ નહીં ને! (સરખા અંતરે? - હેંને! ના, પાન નંબર 38 પરની 10 નંબરની લીટીમાંથી શબ્દ શોધી લખો.)

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- ગાઓ ગીતિકા : હાં રે અમે ગ્યાં'તાં...

## જાસૂસ વર્ષિલ આવું કેમ કરે છે? સાચા વિકલ્પની આગળ ✓ કરો.

1. પોતાના બૅંક ખાતાનો નંબર અને બીજી વિગતો યાદ છે કે નહીં તેવું જાનકીબહેનને પૂછે છે કારણ કે...
   - તે જાનકીબહેનના કાર્ડથી ખરીદી કરવા માગે છે.
   - કાર્ડ બંધ કરાવવા તે માહિતીની જરૂર પડે.
   - જાનકીબહેન ભૂલકણાં છે.
2. ડેબિટ કાર્ડ બંધ કરાવ્યા પછી તે જાનકીબહેન અને સરિતાબહેનને પ્રશ્નો પૂછે છે કારણ કે...
   - પહેલાં પૂછવાનું ભૂલી ગયા હતા.
   - ચોરીના બનાવની જાણકારી મેળવવા
   - તેણે બંને બહેનો સાથે પ્રશ્નોત્તર સ્પર્ધામાં ભાગ લીધો હતો.
3. અજાણ્યો પુરુષ અથડાયો ત્યારે અને તે પછી તરત શું થયું તેની જાણકારી માંગે છે કારણ કે...
   - પાકીટમારના દેખાવ અને તેણે કઈ રીતે પાકીટ માર્યું તે જાણવા.
   - તેને પોતાના ચિત્રમાં તે વાતો ઉમેરવી હતી.
   - તેને લોકોની વાતો જાણવાનો શોખ છે.
4. મોબાઈલમાંના ધૂંધળા ફોટા પરથી પાકીટમારનું રેખાચિત્ર બનાવી કાઢે છે કારણ કે...
   - ફોટા કરતાં ચિત્ર સસ્તું પડે એટલે.
   - પાકીટમારનો દેખાવ વધારે સ્પષ્ટ થાય તે માટે.
   - રેખાએ પાકીટમારનું ચિત્ર બનાવવાનું કહ્યું હતું તેથી.
5. તેમનો જૂનો મિત્ર હોય તેમ બંને શકમંદ સાથે વાત કરે છે કારણ કે...
   - તેના જૂના મિત્રનું નામ શકમંદ છે.
   - તેને એવી જ રીતે વાત કરવાની ટેવ છે.
   - જેથી શકમંદને બરાબર જોઈ, પારખી શકે.
6. બીજા શકમંદ સામે તે ફટાક દઈને પોતાનું આઇ-કાર્ડ ધરે છે કારણ કે...
   - જેથી શકમંદ તપાસ કરવા દે અને છટકે નહીં.
   - શકમંદ તેની સાથે વાત કરવા તૈયાર નહોતો.
   - તેને આઇ-કાર્ડમાંની ડિઝાઇન બતાવવી હતી.
7. સોમુ સાંગીને મોં રિવરફ્રન્ટ તરફ રખાવી ફરીથી રેખાચિત્ર દોર્યું તથા તેમાં નદીમાંની હોડીઓ પણ ચીતરે છે કારણ કે...
   - કેમ કે નદીમાં હોડીઓ હતી.
   - હોડી વગર ચિત્ર ખરાબ લાગતું હતું.
   - પાકીટમારની મૂછ અને હોડી વચ્ચેનો સબંધ શોધી કાઢવા.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

8. "સોમુ સાંગી, ચોરી કરવા બદલ હું તારી ધરપકડ કરું છું." એમ કહે છે કારણ કે...

- સોમુના ખિસ્સામાંથી નકલી મૂછ મળી આવી હતી.
- તેણે સોમુ સાંગીનું ચિત્ર બીજી વાર દોર્યું.
- તેને ખબર પડી કે ચિત્રમાં હોડીની નીચેનો ભાગ છે, મૂછ નથી.

**નીચેનામાંથી કઈ બાબતો વર્ષિલને સારો જાસૂસ બનાવે છે? તેની સામે ✓ કરો. જાસૂસ સામેની ખાલી જગ્યામાં તમારું નામ લખો. તમારામાં આ આવડત હોય તો તેની ✓ સામે કરો.**

| આવડત | વર્ષિલ જાસૂસ | ______ જાસૂસ |
|---|---|---|
| ચિત્રો દોરવાની આવડત | | |
| માણસોના ચહેરા, હલનચલન ઝીણવટથી જોવા | | |
| અવલોકન પરથી તારણો કાઢવાં | | |
| લોકોના દેખાવ પરથી અનુમાન લગાવવું | | |
| અનુમાનની ખરાઈ કરવા પુરાવા શોધવા | | |
| અનુમાન ખોટું પડે તો નવું અનુમાન કરવું | | |
| જરૂર પડ્યે કડકાઈ દેખાડવી | | |
| ખબર ન પડે તે રીતે માહિતી/વાત કઢાવવી | | |
| નજીક અને દૂરથી જે દેખાય તેની સરખામણી કરવી | | |
| મુશ્કેલીમાં મુકાયેલી વ્યક્તિને મદદરૂપ થવું | | |

- આમાંથી વર્ષિલની કઈ આવડત સોમુને પકડવામાં ઉપયોગી થઈ?

**સોમુ સાંગી જ પાકીટમાર છે તેમ સાબિત કરતા મુદ્દા સામે ✓ કરો.**

1. તેણે ગુલાબી રંગનું ઊભી લીટીઓવાળું શર્ટ પહેરેલું.
2. તેને આગળથી ટાલ, પાછળ વાળ લાંબા હતા.
3. વર્ષિલ વાત કરવા ગયો તો તેણે તેની સાથે મોજથી વાત કરી.
4. તે વર્ષિલની આંખમાં આંખ નાખીને વાત કરતો હતો.
5. તેના પાકીટમાં બધું જ વ્યવસ્થિત ગોઠવેલું હતું.
6. તેના ખિસ્સામાં મૂછ હતી.
7. તેની પાસે બહેનનું ડેબિટ કાર્ડ હતું.

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

8. તેણે પૉલિસ કરેલા બૂટ પહેર્યા હતા.

9. તેના પાકીટમાં પાંચસોની આઠ કડકડતી નોટો હતી.

10. તેના હાથમાં પેલી ખાસ દાબેલી નહોતી.

**વર્ષિલની જેમ આઇ-કાર્ડ કાઢવાનો અભિનય કરો. પ્રશ્નોના જવાબ આપો.**

1. વર્ષિલ જાનકીબહેનને બીજી વાર મળવા શા માટે ગયો?
2. વર્ષિલ વિજેતા હોડીવાળા જેટલો ખુશ ક્યારે થયો? કેમ?
3. આ વાર્તામાં છેલ્લે કોણ કોણ ખુશ થાય છે?
4. આ આખી વાત જાનકીબહેન તેમના પતિ, પુત્ર કે પુત્રીને કહે તો કઈ રીતે કહે?

- **ચિત્રો જોતાં પહેલાં 'હાં રે અમે ગ્યાં'તાં' ગીતિકા ગાઈ લો.**

**ત્રણ-ત્રણના જૂથમાં કામ કરો. નીચેનાં ચિત્રોમાં જે તે ચિત્ર વાર્તાનું કયું પાત્ર હોઈ શકે? જણાવો. આપેલાં ચિત્રોમાંથી કોઈ એકનું વર્ણન લખો. બીજા જૂથનાં વર્ણન સાંભળો.**



- **છેલ્લા ખાનામાં વર્ષિલનું ચિત્ર દોરો.**

**વાર્તાને અંતે દોરેલાં બંને રેખાચિત્રોમાં શું સમાન છે અને શું જુદું છે તે લખો. મૂછ વિશે તમારું અવલોકન નોંધો.**

**આપેલાં વાક્યોમાં જો આ ક્રિયા અગાઉ થયેલી હોય તો બાજુમાં ←, હાલમાં ક્રિયા ચાલી રહી હોય તો | અને જો ક્રિયા હવે પછી થવાની હોય તો → આ નિશાની કરો.**

**ઉદાહરણ :** તૃપ્તિએ સફેદ દુપટ્ટો પાથર્યો. ←

1. સ્વામી અમારો જાગશે.
2. મને પણ જાદુ આવડી જશે.



મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

3. હવે હું વરસાદ સાથે રમવાનો છું.

4. કૂદે છે નાજુક ને નમણાં હરણાં!

5. ફરફરતી મૂછ ઊગી એક.

6. પછી ઝગમગ ઝગમગ થતા સૂરજદાદા આવ્યા.

7. તરલિકા તડકો વાળવા સાવરણી લઈને આવી હતી.

8. ઉત્તરાયણમાં પતંગ ચગાવવાનો લહાવો લૂંટીશું.

9. ધોળાં ધોળાં સસલાં, તમે ગયાં હતાં ક્યાં?

10. બોધરાજ મોટો થઈને પક્ષીનિષ્ણાત બનશે.

**જોડીમાં કામ કરો. એકબીજાને વાંચી સંભળાવો અને ☐ કરેલા શબ્દો પર ધ્યાન આપો.**

ગિરનાર પાવાગઢ કરતાં ઊંચો છે. તે ગુજરાતનો સૌથી ઊંચો પર્વત છે. સાબરમતી નદી મહીસાગર કરતાં લાંબી છે પણ નર્મદા કરતાં ટૂંકી. નર્મદા ગુજરાતની સૌથી મોટી નદી છે. શહેરોમાં સુરતની વસતી રાજકોટ કરતાં વધારે છે. અમદાવાદ વિસ્તાર અને વસતીની રીતે ગુજરાતનું સૌથી મોટું શહેર છે.

**ચિત્ર જુઓ, ઉદાહરણ વાંચો. જૂથમાં કામ કરી વાક્ય બનાવો અને વર્ગ સમક્ષ રજૂ કરી તમારાં વાક્ય તપાસો.**





**ઉદાહરણ :** (ઊંચું/નીચું) તુલસી અને બારમાસી સરખી ઊંચાઈનાં હોય છે. ડમરો તુલસી કરતાં ઊંચો હોય છે. તે ત્રણેયમાં ડમરો સૌથી ઊંચો હોય છે.




1. (મોંઘું/સસ્તું) ડબ્બી 2નો આઈસક્રીમ ડબ્બી 1 કરતાં ________ છે. ડબ્બી 3નો આઈસક્રીમ ડબ્બી 2 ________ છે. ડબ્બી 1 અને ડબ્બી 3ની કિંમત ________ છે.




2. (દૂર/નજીક) ભારતીના ઘરથી સમીરનું ઘર ________ છે. ભારતીના ઘરથી નેહાનું ઘર ________ છે.

3. (ઝડપી/ધીમું) ગાય કરતાં સિંહ ________ છે. બધાં પ્રાણીઓમાં ચિત્તો સૌથી ________ છે.







Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

4. (લાંબું/ટૂંકું) બીજી આંગળી _______ હોય છે. ટચલી આંગળી _______ _______ હોય છે. એક પણ આંગળી એકસરખી નથી.

5. (વજનદાર/હલકું) ચોપડી પેન્સિલ _______ _______ છે. કંપાસ દફતર _______ _______ હોય છે.

6. (વધારે/ઓછું) સરોજને ગુજરાતી કરતાં અંગ્રેજીમાં _______ ગુણ છે. તેના અંગ્રેજીના ગુણ ગણિત _______ _______ છે. સરોજને ગુજરાતીમાં _______ ગુણ છે. (ગુજરાતી 45, અંગ્રેજી 42, ગણિત 40)

7. (મોટું/નાનું) અમારા ઘરમાં સૌથી નાનું બાળક _______ છે. મારા કરતાં _______ _______ મોટા છે. _______ ઘરમાં સૌથી મોટા છે.

**પાંચ-પાંચના જૂથમાં કામ કરો. તે પહેલાં તમને શિક્ષક સમૂહમાં નીચેની પ્રવૃત્તિ કરાવશે અને બોર્ડ પર લખી બતાવશે. તે રીતે નીચેના કોઠામાં તમારા જૂથના મિત્રો વિશે માહિતી લખો. જૂથ બદલીને આ રમત ચાર વાર રમો. દર વખતે લખવાની જરૂર નથી. દર વખતે વર્ગ આગળ ઊભા થઈ દરેક વિદ્યાર્થી એક એક વાક્ય બોલે.**

| સરખામણી સૂચવતા શબ્દ | બે વ્યક્તિ/વસ્તુ સરખાવતાં | આખા જૂથમાં |
|---|---|---|
| 1. ઊંચું/નીચું | સુરેશ સરિતા કરતાં ઊંચો છે. | બંસી સૌથી ઊંચી છે. |
| | | |
| 2. જાડો/પાતળો | | |
| | | |
| 3. દફતરનું વજન | | |
| | | |
| 4. સારા ખરાબ અક્ષર | | |
| | | |

**તમારા વિશે લખો.**

1. સૌથી વધુ ગમતું પ્રાણી :
2. સૌથી પ્રિય અભિનેતા/અભિનેત્રી :
3. સૌથી વધુ ડર કોનો શાનો :
4. સૌથી વહાલી વ્યક્તિ :
5. સૌથી અણગમતું કામ :
6. સૌથી સરસ આવડતું કામ :

- **ગાઓ અને મોજ કરો... હાં રે અમે ગ્યાં’તાં...**

 મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## માહિતીને આધારે કહો કે આપેલાં વાક્યો સાચાં છે કે ખોટાં?

**ઉદાહરણ :** સલમા પાસે વીસ, સિલ્વિયા પાસે પચાસ અને જોરાવર પાસે પાંત્રીસ રૂપિયા છે.

- સિલ્વિયા પાસે સૌથી વધારે રૂપિયા છે. ✓
- સલમા પાસે સૌથી ઓછા રૂપિયા છે. ✓
- જોરાવર પાસે સલમા કરતાં ઓછા રૂપિયા છે. ✗

1. મયુરને દસ વાક્ય લખતાં દસ મિનિટ થાય છે જ્યારે અલ્પેશને આઠ મિનિટ અને ઈવાને નવ મિનિટ.
   - લખવામાં ઈવા સૌથી ઝડપી છે.
   - લખવામાં અલ્પેશ સૌથી ધીમો છે.
   - અલ્પેશ કરતાં ઈવા ઝડપી છે.

2. એક ગ્લાસ શરબતમાં પ્રજ્ઞાએ એક ચમચી, જિજ્ઞાએ ચાર ચમચી અને સંજ્ઞાએ બે ચમચી ખાંડ નાંખી.
   - પ્રજ્ઞાનો શરબત માપસરનો ગળ્યો થશે.
   - જિજ્ઞાનો શરબત ફિક્કો, મોળો હશે.
   - સંજ્ઞાનો શરબત માફકસરનો ગળ્યો બનશે.
   - સંજ્ઞાનો શરબત સૌથી ગળ્યો હશે.

3. ભીમ એકસાથે વીસ, અર્જુન-યુધિષ્ઠિર પાંચ-પાંચ અને નકુલ-સહદેવ બે-બે લાડવા ખાઈ શકે.
   - પાંડવોમાં સૌથી વધુ લાડવા ભીમ ખાતો હતો.
   - અર્જુન કરતાં સહદેવ વધારે લાડવા ખાતો.
   - નકુલ સૌથી ઓછા લાડવા ખાતો.
   - યુધિષ્ઠિર અને અર્જુન સરખા લાડવા ખાતા.

## આ કામ કઈ કઈ રીતે થાય?

- તમને શિક્ષક શું સૂચન આપતા હોય છે? (ધીમે, મોટેથી, ઝડપથી)
  ______ લખો. ______ વાંચો. ______ બોલો.
- વડીલો તમને શી સલાહ આપતા હોય છે? (ઓછું, સંભાળીને, ચાવી ચાવીને)
  ______ જમાય. ______ બોલાય. ______ ચલાય.
- તમે ફરવા જવાના હો ત્યારે તમને કેવી સલાહ મળે છે? (સાચવીને/સંભાળીને/શાંતિથી)
  ______ જજો. ______ જજો. ______ જજો.
- કોઈ ટોકનારું ના હોય ત્યારે તમે કેવી કેવી રીતે ચાલો? (ગાતાંગાતાં/આડુંઅવળું/સીધુંસટ/કૂદતાં કૂદતાં) ______ ચાલું. ______ ચાલું.
- તમે પ્રાર્થના કઈ રીતે ગાઓ છો? (મોટેથી/ધીમેથી/ઊંચા અવાજે) ______ ગાઉં.
- તમને આવડતો પ્રશ્ન પૂછાય ત્યારે તમે કેવી રીતે જવાબ બોલો? (ફટાફટ/સ્પષ્ટ/વ્યવસ્થિત)
  ______ બોલું.
- લોકો કઈ કઈ રીતે હસતા હોય છે? (મરકમરક/ખડખડાટ/મોટેથી)
  ______ હસે. ______ હસે. ______ હસે.

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**સમૂહમાં કામ કરો. આ રીતે શું શું કરી શકાય? કહો.**

**ઉદાહરણ :** સંભાળીને : વાહન ચલાવાય, બાળકને તેડાય

ધ્યાનથી : વંચાય

ઝડપથી : ______

ઓછું : ______

શાંતિથી : ______

ધીમેથી : ______

વધારે : ______

**તો તમે તે કામ કઈ રીતે કરો?**

**ઉદાહરણ :** તમારો મિત્ર થોડો આગળ છે અને તમારે તેની સાથે થઈ જવું છે. તમે કેવી રીતે ચાલશો? ઉતાવળું ચાલીશ.

1. પેપર પૂરું થવામાં દસ મિનિટની વાર છે અને તમારે બે જવાબ લખવાના બાકી છે. કેવી રીતે લખશો? ______ ______

2. રસ્તામાં કાદવ છે અને તમે એકદમ નવાં કપડાં પહેર્યાં છે. તમે કેવી રીતે ચાલશો? ______ ______


3. તમારી નાની બહેન ઘોડિયામાં ઊંઘે છે. તમે તેને કેવી રીતે હીંચકો નાખશો? ______ ______

**ગાઓ... ના...ના... ધીંગામસ્તી કરો!**


## રોજ સવારે ધીંગામસ્તી




ચકલીઓ સૂરજની સાથે સવારમાં કંઈ બોલી,
અવાજ ઝાઝો થયો, એટલે પીપળે આંખો ખોલી.


મમ્મી કરતી બૂમાબૂમ ને પપ્પા કરતા શેવ.
દાદીમાને રોજ ઊઠીને શ્રીનાથજીની ટેવ.



પપ્પાએ પાણી છાંટ્યું, હું રડ પાડતો જાગ્યો.
છલાંગ મારી, વાડીમાં જીવડાંઓ જોવા ભાગ્યો.




મને બે જ છે પગ, ને કાનખજૂરાને પગ અઠ્ઠાવીસ;
તોપણ બચ્ચા કાનખજૂરિયા! મુજથી રેસ લગાવીશ?



અળસિયાએ વાળને, કહોને, ક્યાં ઊગવાનું કહેવું?
પગ લાગે છે માથા જેવા, માથું પગના જેવું!




કહે દેડકો, મારી તકલીફ કોની પાસે ગાઉં?
છીંક, હેડકી, ઉધરસ માટે અવાજ એક જ 'ડ્રાઉં'!

પપ્પા મમ્મી મને ગમે, ને જીવડાંઓ પણ ગમે.
મને ગમે છે ડાઘિયો કૂતરો, મને ગમો છો તમે.

– ઉદયન ઠક્કર



મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## • વાતચીત :

- આ કવિતામાંથી તમને કઈ પંક્તિઓ સૌથી વધુ ગમી? ગાઓ.
- સૂરજની પહેલાં કોણ કોણ જાગી જાય છે?
- વહેલી સવારે શું થાય તો તમને ગમે?
- તમને કોણ જગાડે છે? કેવી રીતે?
- તમારે કોઈને જગાડવા હોય તો કેવી રીતે જગાડો?
- સવારે જાગીને સૌથી પહેલાં તમને શું કરવું ગમે?
- તમે કયાં પક્ષીઓના કે જીવજંતુના અવાજ ઓળખી શકો છો?
- જેના પગ વધારે એની ઝડપ વધારે? ઉદાહરણ આપો.
- તમે ધ્યાનપૂર્વક પતંગિયું, મધમાખી કે અન્ય જીવડું જોયું છે? એનું વર્ણન કરો.
- તમે આંખો ખુલ્લી રાખીને છીંક ખાઈ શકો?
- કવિતામાં જેટલાં જીવોની વાત આવે છે એમાંથી તમને કયું ગમે? કેમ?
- દેડકાની જેમ ડ્રાઉં ડ્રાઉં કરો.

## સાચો અર્થ ધરાવતું વાક્ય શોધીને ✓ નિશાની કરો.

1. અવાજ ઝાઝો થયો, એટલે પીપળે આંખો ખોલી.

   ( ) પંખીઓના અવાજથી પીપળ જાગી.

   ( ) પીપળે પાંદડાં હલાવીને પંખીઓને જગાડ્યાં.

2. બચ્ચા! તું મુજથી રેસ લગાવીશ?

   ( ) બચ્ચા! તું મુજ નામના છોકરા સાથે રેસ લગાવીશ?

   ( ) તું મારી સાથે દોડવાની હરીફાઈ કરીશ?

3. પગ લાગે છે માથા જેવા, માથું પગના જેવું!

   ( ) પગ અને માથું બંનેના આકાર અને દેખાવ સરખા છે.

   ( ) તેના પગ ઉપર રહે છે અને માથું નીચે રાખીને ચાલે છે.

4. દાદીમાને રોજ ઊઠીને શ્રીનાથજીની ટેવ.

   ( ) દાદીમા રોજ સવારે શ્રીનાથજીના પ્રવાસે જાય છે.

   ( ) દાદીમા રોજ સવારે કૃષ્ણના પૂજાપાઠ કરે છે.

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ઊંડો શ્વાસ લો અને વિચારો કે આ વાક્યો કોણ વિચારતું/બોલતું હશે?

(મમ્મી, દાદી, દેડકો, કવિ, પપ્પા, અળસિયું, પીપળ, ચકલી, કાનખજૂરો)

1. ‘‘આ છોકરો તો સવારસવારમાં પથારીમાંથી નીકળવાનું નામ જ નથી લેતો. એવું કંઈક કરું કે એ ફટ દઈને ઊભો જ થઈ જાય!’’ ________
2. ‘‘મોચીકાકા ચૌદ જોડી બૂટ આપો. મારે ઉદયન જોડે રેસ છે.’’ ________
3. ‘‘બકુડા, જાગી ગયો? ઝટપટ બ્રશ કરી નાહી લે. પછી હું તને પ્રસાદ આપું.’’ ________
4. ‘‘અરે ડૉક્ટર સાહેબ, ઉધરસની દવા આપો છો પણ મને તો છીંકો આવે છે! સાચું કહું છું આ મેં છીંક ખાધી!’’ ________
5. ‘‘હું તો ટોપી ખરીદવા ગયેલું ને મને બૂટ બતાવ્યા.’’ ________

## પ્રશ્નોના જવાબ આપો. કોઈ પણ ચારના જવાબ લખો.

1. કોની વાતોથી પીપળો જાગી ગયો?
2. સવારે ઊઠતાં કવિને કયા કયા અવાજો સંભળાયા?
3. કવિની સવાર સારી કહેવાય? શા માટે?
4. છીંક, હેડકી, ઉધરસ, થૂંકવાનો અને નસકોરાંનો અવાજ લખી બતાવો.
5. ‘‘મને તમે ગમો છો.’’ એવું તમે કોને કોને કહી શકો?
6. આ કવિતામાં કઈ કઈ ધીંગામસ્તી થઈ છે?
7. કવિના ઘરમાં સવારમાં કઈ કઈ ઘટનાઓ બની? તેમાંથી ગમે એવી અને ન ગમે એવી ઘટનાઓ છૂટી પાડો.

## પ્રાસ મળે તેવા બીજા બે શબ્દો ઉમેરો.

બોલી, ખોલી, ________, ________ અઠ્ઠાવીસ, લગાવીશ, ________, ________

ગાઉં, ડ્રાઉં, ________, ________ જાગ્યો, ભાગ્યો, ________, ________

## આ કવિતા તમને વારંવાર વાંચવી કે બીજાને સંભળાવવી ગમે તેવી છે? એવું આ કવિતામાં શું છે? ચર્ચા કરો. (જૂથકાર્ય)

1. સૌથી વધુ રમૂજ કઈ પંક્તિમાં આવી? કેમ?
2. કાનખજૂરાનું અપમાન થાય તેવા શબ્દો કયા છે?
3. અળસિયાને કઈ વાતની મુશ્કેલી છે? એને કારણે એને કેવી તકલીફ પડતી હશે?
4. અળસિયું અને દેડકો બેમાંથી તમને કોની તકલીફ વધુ મોટી લાગે છે? કેમ?



મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ચાલો, કવિતા બનાવીએ...

1. ડ્રાઉંની જગ્યાએ 'મ્યાઉં' મૂકીએ તો આ પંક્તિઓમાં કયા કયા ફેરફાર કરવા પડશે? એ ફેરફાર કરીને પંક્તિઓ ગાઓ અને લખો.

   કહે દેડકો, મારી તકલીફ કોની પાસે ગાઉં?

   છીંક, હેડકી, ઉધરસ માટે અવાજ એક જ 'ડ્રાઉં'.

   ______________________

   ______________________

2. હવે કૌંસમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યામાં લખો અને પછી ગાઓ. (રાખો, ચાખો, પાંખો, નાખો)

   પીપળાજીએ આંખો ખોલી

   તો ચકલીએ ........ ખોલી!

   ચીંચીં...ચીંચીં...ચીં...ના સૂરમાં

   "સવારને સહુ ........" બોલી!

3. અને હવે જાતે જ વિચારીને ખાલી જગ્યામાં શબ્દો મૂકી કવિતા બનાવો.

   સવાર પડી રે સવાર પડી!

   કહો સવાર કોને જડી?

   લીલાં લીલાં ........ ને જડી

   માળે સૂતાં ........ જડી

   ................................ જડી

   ............................................

   સવાર પડી રે સવાર પડી!

   સવારે હું કોને મળી?

   લેસન કરતાં નોટબુકને મળી.

   ............ ............ ને મળી.

   ............................................

   સવાર પડી રે સવાર પડી!

## ફકરાના દરેક વાક્યમાં કોઈ ભૂલ છે. તે શબ્દ શોધી, તેના પર લીટી કરી સાચો શબ્દ લખો.

એક વેપારી ટોપીઓ વેચતો ~~હશે~~ હતો. તે એક ગામથી બીજે ગામ જતો ~~છે~~ હતો. રસ્તામાં એક ઘટાદાર વૃક્ષ નીચે થેલો મૂકી વેપારી ઊંઘી જાય છે. થોડી વાર પછી તે જાગશે. તેની નજર વૃક્ષની ડાળીઓ પર ગઈ છે. વેપારીએ પોતાના માથા પરથી ટોપી જમીન પર નાખશે. વૃક્ષ પરના વાંદરા વેપારી પર હસે છે. તેમાંથી એક બચ્ચું બોલ્યું, "તમે ટોપીવાળો ફેરિયો" વાર્તા વાંચી લાગતી હતી. એ જમાનો બદલાશે. અમે તો ઓનલાઈન મંગાવી છે. તમારો થેલો તો તપાસ."



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## આ કામ કઈ કઈ રીતે કરી શકાય? કોઈ એક કામ વિશે ત્રણથી પાંચ રીત કહો. (જૂથકાર્ય)

1. સાઈકલ ચલાવવી
2. વાંદરા ભગાડવા
3. ચાદર પાથરવી
4. દોસ્તને ખીજવવો/વી
5. એકથી સો લખવા
6. વર્ગમાં પાટલીઓ ગોઠવવી

## હસો.

માખો : રાત પડી ગઈ છે. પાંખો થાકી ગઈ છે. ઊંઘ આવે છે. ઘરે કેવી રીતે જઈશું?

માખી : એક કામ કરીએ. કૂતરું કરી લઈએ.

- **લગભગ સરખા :**

**સુકાન**-જેને મરડવાથી વહાણ દિશા બદલે છે તે કળ કે તેની જગાનો વહાણનો ભાગ; **છોળ**-તરંગ, મોજું; **ભાલ**-કપાળ; **રઢિયાળું**-રૂડું રૂપાળું, સુંદર, મોહક; **અભંગ**-આખું, અખંડ; **ઉછંગ**-ખોળો; **રિવરફ્રન્ટ**-અમદાવાદમાં સાબરમતી નદીના બંને કાંઠે બનાવેલ; **હોડ**-__________; **તફડાવી ગયું**-__________; **અછડતી**-માત્ર સપાટીને અડકીને પસાર થઈ જતું; **સેરવી ગયેલો**-__________; **પાંખા**-આછા; **શંકમંદ**-જેના પર શંકા હોય તે; **હકડેઠઠ**-ખીચોખીચ; **જડબેસલાક**-સજ્જડ, ચુસ્ત; **સમાંતર**-સરખા અંતરે આવેલું; **ટાપટીપવાળો**- વ્યવસ્થિત તૈયાર થયેલો; **અતડો રહેતો**-અલગ કે અળગો રહેતો, કોઈ સાથે ભળતો નહિ

- **શબ્દભંડાર :**

### તને સાંભરે રે...

- ‘હવે શું થશે?’ એ વિશે કોની ધારણા સાચી પડેલી?
- જાસૂસે ગુનેગાર કઈ રીતે પકડી પાડ્યો?
- જાસૂસ બનવા માટે તમારે કઈ આવડતો શીખવી પડે?
- કવિતામાં આવતાં હોય તે સિવાયનાં બીજા કયાં જીવડાંનું વર્ણન વર્ગમાં સાંભળવા મળ્યું હતું?
- યાદ રાખ્યા વગર જવાબ આપી શકાય તેવી પ્રવૃત્તિના ક્રમ અહીં લખો. __________
- આ પાઠ ભણ્યા પછી હવે પછી અજાણી વ્યક્તિનું નિરીક્ષણ કેવી રીતે કરશો?
- પહેલી વાર જુઓ તો તમારા જોવામાં શો ફેર પડે? તમે તેમનામાં શું શું જોવું જોઈએ? ધ્યાનથી જુઓ.
- કોઈ વ્યક્તિને ‘બરાબર’ જોવી હોય તો કઈ કઈ બાબતો જોવી જોઈએ? ધ્યાનથી જુઓ.
- આ એકમની કવિતા/વાર્તા કેટલી ગમી? તેના શીર્ષક પાસે ગમ્યા મુજબના સ્ટાર દોરો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in